આજથી અંબાજીમાં ભાદરવી પૂનમનો મહામેળો શરૂ, 30 લાખથી વધુ શ્રદ્ધાળુઓ ઊમટી પડશે

18મી સુધી ચાલનારા મેળામાં પગપાળા યાત્રાળુઓ માટે અનેક સુવિધાયુક્ત વોટરપ્રૂફ ડોમ બનાવાયા, મંદિરને રોશનીથી શણગારાશે, ચાચર ચોકમાં પણ દીવાનું લાઈટિંગ, ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા સંપન્ન

ગાંધીનગરઃ ગુજરાતના અંબાજીમાં ભાદરવી પૂનમનો પરંપરાગત મેળો આ વર્ષે ૧૨ થી ૧૮ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે. આ ભવ્ય મેળામાં અંદાજે ૩૦ લાખથી વધારે યાત્રાળુઓ પહોંચે તેવી શક્યતા છે. મેળામાં યાત્રાળુઓની સુવિધાઓમાં એક ક્યુઆર કોડ પણ તૈયાર કરવામાં આવ્યું છે, જેને સ્કેન કરવાથી સુવિધા અંગેની તમામ માહિતી લોકેશન સાથે મળી રહેશે.

અંબાજી પગપાળા યાત્રાળુઓ માટે આ વર્ષે ચાર અલગ-અલગ સ્થળે વૉટરપ્રૂફ ડોમ બનાવવામાં આવ્યા છે. જેમાં અંદાજે ૧૨૦૦ બેડની સુવિધા, અન્ય એક મલ્ટી પર્પઝ ડોમની સુવિધા, શૌચાલય, સીસીટીવી કેમેરા, મોબાઈલ ચાર્જિંગની વ્યવસ્થા, હાઉસકીપિંગ સર્વિસ, સાઈનેજિસ, ફ્લોર કાર્પેટ, ફ્લેગ પોલ, પીવાના પાણીની વ્યવસ્થા, ઈલેક્ટ્રિફિકેશનની વ્યવસ્થા, અગ્નિશામક સાધનો, સમાન મુકવાની વ્યવસ્થા વગેરે કરવામાં આવી છે.

અંબાજી યાત્રાધામ ખાતે કુલ ૧,૦૭,૮૭૪ ચોરસ મીટર વિસ્તારમાં ઉત્તમ કક્ષાની સ્વચ્છતા/સફાઈની કામગીરી કરવામાં આવી છે. માત્ર જ મંદિર નહી, પરંતુ મંદિરની આજુબાજુના વિસ્તાર, ગબ્બર, ૫૧ શકિતપીઠ તથા યાત્રાળુઓ/શ્રદ્ધાળુઓનો વધારે ધસારો ધરાવતા વિસ્તારોનો સમાવેશ કરી સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી છે. સાંસ્કૃતિક કાર્યક્રમ ૧૫ થી ૧૭ સપ્ટેમ્બર ત્રણ દિવસ માટે સાંજે ૭.૦૦ વાગ્યાથી યોજવામાં આવશે.

મેળા દરમ્યાન યાત્રાળુઓની સલામતિની ચુસ્ત વ્યવસ્થા કરવામાં આવશે. વાહનો લઈને આવનાર યાત્રાળુઓ માટે પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવશે. ચોરીના બનાવો અટકાવવા માટે એક સમાન લાઈટિંગ (40-50 LUX), વધારાના CCTV કેમેરા, યોગ્ય PA સિસ્ટમ અને પોલીસ માટે બેઠક વ્યવસ્થા માટે પગોડા સાથે વ્યાપક બે લાખ ચોરસ મીટર વિસ્તારને આવરી લઈ પાર્કિંગ વિસ્તારને વધારવામાં આવેલી છે.

ગબ્બર રૂટ, અંબાજી મંદિર, અંબાજીમાં પ્રવેશના ત્રણેય દ્વાર, ૫૧ શક્તિપીઠ સર્કલ, માર્ગ ઉપર અને આસપાસના વિસ્તારો માટે લાઇટિંગ ડિઝાઇનમાં સુધારો કરી આ વર્ષે માતાજીના સ્વરૂપ ઉપર થીમબેઝ લાઈટિંગ કરવામાં આવેલ જેથી તમામ સ્થળો પર એક સમાન થીમ આધારિત લાઈટીંગ યાત્રાળુઓ માટે કરવામાં આવી છે. ભાવિક ભક્તો માટે પ્રસાદ વિતરણ કેન્દ્રો પણ સામાન્યને બદલે અદ્યતન બનાવવામાં આવ્યા છે. મુખ્ય મંદિરને ફૂલોથી શણગારવામાં આવ્યું છે તેમજ રાત્રીના દરમ્યાન ચાચર ચોકમાં દીવાની લાઈટીંગ કરવામાં આવી છે.

કચ્છમાં 13 લોકોનાં મોતમાં શંકાસ્પદ તાવનું મૂળ કારણ શોધી કાઢવામાં આવશે

અસરગ્રસ્ત લખપત તાલુકાના બેખડા ગામની આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને પ્રભારી મંત્રી પ્રફુલ પાનશેરિયા દ્વારા મુલાકાત લેવામાં આવી

ગાંધીનગરઃ કચ્છ જિલ્લામાં લખપત અને અબડાસા તાલુકામાં શંકાસ્પદ તાવના કારણે 13 લોકોનું મૃત્યુ થયું છે ત્યારે આજે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને કચ્છના પ્રભારી મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ લખપત તાલુકાના બેખડા ગામની મુલાકાત લીધી હતી.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ગામના સરપંચ રમઝાન ઓઝાત અને જત સમુદાય અગ્રણી ઝકરીયા હાજી નુર મોહમ્મદ તેમજ ગ્રામજનો સાથે સંવાદ કરીને આરોગ્યની પ્રવર્તમાન સ્થિતિનો તાગ મેળવ્યો હતો.

બંને મંત્રીઓએ મૃતકોના પરિવારજનોની મુલાકાત લઈને સાંત્વના પાઠવી હતી. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે મૃતકોના પરિવારજનોને દિલાસો આપીને જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર આ દુઃખની ઘડીમાં તેમની પડખે ઊભી છે. બીમારીનું મૂળ કારણ શોધીને હવે કોઈ જ નાગરિકે જીવ ગુમાવવા ના પડે એ રાજ્ય સરકારની પ્રાથમિકતા છે.

કચ્છના પ્રભારીમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ ગ્રામજનોને સરકારની આરોગ્ય ટીમને સહકાર આપી શરદી, ઉધરસ, તાવ કે નબળાઈ જેવા કોઈપણ લક્ષણો દેખાય તો તાત્કાલિક નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરીને પૂરતી સારવાર લેવા અનુરોધ કર્યો હતો. સમયસર સારવાર લેવાથી જીવ બચી શકે છે એ બાબત ઉપર તેમણે ભાર મૂકયો હતો. ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ધનંજય દ્વિવેદીએ ગામના યુવાનોને આગેવાની લઈને સામાન્ય બીમારીમાં પણ કોઈપણ બેદરકારી દાખવ્યા વગર નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સરકારી હોસ્પિટલનો સંપર્ક કરવા અનુરોધ કર્યો હતો.

અનિલ અંબાણીએ કેવી રીતે બેંકોનાં અને રોકાણકારોનાં નાણાં ડૂબાડ્યાં હતાં?

ભારતના સૌથી શ્રીમંત ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના નાના ભાઈ અનિલ અંબાણી કોઈ જુદા જ કારણે સમાચારોમાં ચમકતા રહે છે. રિલાયન્સ ઉદ્યોગગૃહના ભાગલા થયા તે પછી મુકેશ અંબાણીના ભાગે રિફાઈનરીનો બિઝનેસ આવ્યો હતો તો અનિલ અંબાણી પાસે રિલાયન્સ પાવર, કેપિટલ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ટેલિકોમ વગેરે કસદાર બિઝનેસ આવ્યા હતા. શરૂઆતની સફળતા પછી અનિલ અંબાણી સડસડાટ વિશ્વના દુક્કા નંબરના ટોચના ધનિક બની ગયા હતા, જ્યારે તેમની અંગત સંપત્તિ ૪૨ અબજ ડોલર પર પહોંચી ગઈ હતી. ત્યાર બાદ અનિલ અંબાણીની પનોતી શરૂ થઈ હતી. તેમની એક પછી એક કંપનીઓ ખોટના ખાડામાં ઊતરતી ગઈ હતી. પરિસ્થિતિ એવી આવીને ઊભી રહી કે અનિલ અંબાણીની કેટલીક કંપનીઓએ દેવાળું કાઢ્યું હતું અને તેમની પોતાની નેટવર્થ ઝીરો થઈ ગઈ હતી. જો કે ટૂંક સમયમાં અનિલ અંબાણીનું કિસ્મત ફરી ચમક્યું હતું. તેમની કેટલીક કંપનીઓએ બેંકોની લોન ચૂકવી દીધી હતી અને તેના શેરોના ભાવો પણ સડસડાટ વધવા માંડ્યા હતા. અનિલ અંબાણી ફરી એક વખત વિશ્વના ધનકુબેરોની યાદીમાં પોતાનું નામ દાખલ કરાવી લેશે એવી સંભાવના દેખાતી હતી ત્યાં તેમનું જબરદસ્ત લોન કૌભાંડ બહાર આવ્યું છે, જેમાં નામોશી ઉપરાંત તેમને જેલમાં જવું પડે તેવી પણ સંભાવના છે.

અધ્યક્ષ માધબી પુરી બુચનાં પરાક્રમોને કારણે વિવાદોનો સામનો કરી રહેલા માર્કેટ રેગ્યુલેટર સેબીએ ઉદ્યોગપતિ અનિલ અંબાણી, રિલાયન્સ હોમ ફાઇનાન્સના ભૂતપૂર્વ મુખ્ય એક્ઝિક્યુટિવ્સ અને અન્ય ૨૪ને કંપનીઓમાંથી ભંડોળના ડાયવર્ઝન બદલ પાંચ વર્ષ માટે સિક્યોરિટી માર્કેટમાંથી પ્રતિબંધિત કર્યા છે. સેબીએ અનિલ અંબાણી પર રૂ. ૨૫ કરોડનો દંડ પણ લગાવ્યો છે અને તેમને કોઈ પણ લિસ્ટેડ કંપનીમાં ડિરેક્ટર તરીકે સિક્યોરિટી માર્કેટમાં જોડાવા પર પ્રતિબંધ મૂક્યો છે. સેબીએ રિલાયન્સ હોમ ફાઇનાન્સને સિક્યોરિટી માર્કેટમાંથી છ મહિના માટે પ્રતિબંધિત કરી છે અને તેના પર ૬ લાખ રૂપિયાનો દંડ લાદ્યો છે.અનિલ અંબાણીએ RHFLના ભંડોળને તેમની સાથે જોડાયેલી કંપનીઓને લોન આપવા માટે એક કપટપૂર્ણ યોજના ઘડી હતી.

સેબીના ૨૨૨ પાનાંના રિપોર્ટમાં ઘટસ્ફોટ કરવામાં આવ્યો છે કે અનિલ અંબાણીએ ADA ગ્રુપના અધ્યક્ષ તરીકેના તેમના પદ અને RHFLની હોલ્ડિંગ કંપનીમાં તેમના નોંધપાત્ર પરોક્ષ શેરહોલ્ડિંગનો ઉપયોગ છેતરપિંડી કરવા માટે કર્યો હતો.RHFL ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે આવી કપટપૂર્ણ ધિરાણ પ્રથાઓને રોકવા માટે કડક સૂચનાઓ આપી હતી અને કોર્પોરેટ લોનની નિયમિત સમીક્ષા કરી હતી પરંતુ કંપનીના મેનેજમેન્ટે આ આદેશોની અવગણના કરી હતી. સેબીએ કહ્યું હતું કે આ દર્શાવે છે કે અનિલ અંબાણીના પ્રભાવ હેઠળ કેટલાક મુખ્ય સંચાલકીય કર્મચારીઓ દ્વારા ચલાવવામાં આવતા વહીવટમાં મોટી નિષ્ફળતા દેખાઈ રહી છે.સેબીએ રિલાયન્સ હોમ ફાઇનાન્સ લિમિટેડ (RHFL) ના ભૂતપૂર્વ મુખ્ય અધિકારીઓ અમિત બાપના, રવીન્દ્ર સુધલકર અને પિંકેશ આર. શાહ સહિત ૨૪ એકમો પર પ્રતિબંધ મૂક્યો છે. માર્કેટ રેગ્યુલેટરે અનિલ અંબાણી પર ૨૫ કરોડ રૂપિયા, અમિત બાપના પર ૨૭ કરોડ રૂપિયા, રવીન્દ્ર સુધલકર પર ૨૬ કરોડ રૂપિયા અને પિંકેશ શાહ પર ૨૧ કરોડ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. અનિલ અંબાણી જૂથની બાકીની કંપનીઓ પૈકી રિલાયન્સ યુનિકોર્ન એન્ટરપ્રાઇઝ, રિલાયન્સ એક્સચેન્જ નેક્સ્ટ એલટી, રિલાયન્સ કોમર્શિયલ ફાઇનાન્સ લિમિટેડ, રિલાયન્સ ક્લીન્જેન લિમિટેડ, રિલાયન્સ બિઝનેસ બ્રોડકાસ્ટ ન્યૂઝ હોલ્ડિંગ્સ લિમિટેડ અને રિલાયન્સ બિગ એન્ટરટેઈનમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ

ટુ ધ પોઇન્ટ ▪ સમકિત શાહ ▪

નામની કંપનીઓ પર પણ ૨૫-૨૫ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

અનિલ અંબાણી અને તેમના સાથીદારો દ્વારા આ કૌભાંડ કેવી રીતે આચરવામાં આવ્યું, તેની વિગતો પણ જાણવા જેવી છે. RHFL દ્વારા કરોડો રૂપિયાની લોન એવી સંસ્થાઓને મંજૂર કરવામાં આવી હતી જેની પાસે કોઈ સંપત્તિ, રોકડ પ્રવાહ અથવા આવક નહોતી. મોટા ભાગની લોન અનિલ અંબાણી સાથે જોડાયેલી કંપનીઓને જ આપવામાં આવી હતી. કેટલાક કિસ્સામાં તો ૨૦૦ કરોડ રૂપિયાની મિલકત પર ૨૦,૦૦૦ કરોડ રૂપિયાની લોન આપવામાં આવી હતી. આ લોન પાછળ જાણી જોઈને છેતરપિંડી કરવામાં આવી હતી. આમાંના મોટા ભાગના ઋણધારકોએ લોનમાં ડિફોલ્ટ કર્યું હતું, પરિણામે RHFL ઊઠી ગઈ હતી અને તેનો કેસ RBI ફ્રેમવર્ક હેઠળ ઉકેલાઈ ગયો હતો, જેના કારણે ૯ લાખથી વધુ પબ્લિક શેરધારકોને ભારે નુકસાન થયું હતું.માર્ચ ૨૦૧૮માં આરએચએફએલના શેરની કિંમત રૂ. ૫૯.૬૦ હતી, જે માર્ચ ૨૦૨૦ સુધીમાં ઘટીને રૂ. ૦.૭૫ થઈ ગઈ હતી, કારણ કે છેતરપિંડીનો પર્દાફાશ થયો હતો. આખું કૌભાંડ સરળ ભાષામાં સમજાવીએ તો RHFL કંપનીએ બેંકો પાસેથી નાણાં ઉછીના લઈને પોતાનાં સગાંવહાલાંમાં વહેંચ્યાં હતાં. આ નાણાં ડૂબી ગયાં તેમાં બેંકો અને રોકાણકારો ખાડામાં પડી ગયાં હતાં.

સેબીના પ્રતિબંધ બાદ અનિલ અંબાણી હવે કાયદાકીય વિકલ્પોની સમીક્ષા કરી રહ્યા છે. અનિલ અંબાણીના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે અનિલ અંબાણીએ રિલાયન્સ હોમ ફાઇનાન્સ કેસમાં ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજના સેબીના વચગાળાના આદેશ અનુસાર રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને રિલાયન્સ પાવરના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાંથી રાજીનામું આપ્યું હતું.તેઓ છેલ્લાં અઢી વર્ષથી વચગાળાના આદેશનું પાલન કરી રહ્યા છે. અંબાણી આ મામલે સેબી દ્વારા પસાર કરાયેલા ૨૨ ઓગસ્ટના અંતિમ આદેશની સમીક્ષા કરી રહ્યા છે અને કાનૂની સલાહ મુજબ યોગ્ય પગલાં લેશે. સેબીના પ્રતિબંધ પછી અનિલ અંબાણીની કંપની રિલાયન્સ ઇન્ફ્રા, રિલાયન્સ હોમ ફાઇનાન્સ અને રિલાયન્સ પાવર ૨૩ ઓગસ્ટે ઘટ્યા હતા. રિલાયન્સ ઈન્ફ્રા સૌથી વધુ ૧૪%, રિલાયન્સ હોમ ફાઈનાન્સ ૫.૧૨% અને રિલાયન્સ પાવર ૫.૦૧% ઘટ્યા હતા.

મુકેશ અંબાણી ૧૯૮૧માં અને અનિલ અંબાણી ૧૯૮૩માં રિલાયન્સમાં જોડાયા હતા. ધીરુભાઈ અંબાણીનું નિધન જુલાઈ ૨૦૦૨માં થયું હતું. તેમણે પોતાનું વસિયતનામું લખ્યું હતું તે મુજબ મુકેશ અંબાણી રિલાયન્સ ગ્રુપના ચેરમેન બન્યા અને અનિલ અંબાણી મેનેજિંગ ડિરેક્ટર બન્યા હતા.નવેમ્બર ૨૦૦૪માં પહેલી વાર ભાઈઓ મુકેશ અંબાણી અને અનિલ અંબાણી વચ્ચેની લડાઈ પ્રકાશમાં આવી હતી. ધીરુભાઈ અંબાણીનાં પત્ની કોકિલાબેન પરિવારમાં ચાલી રહેલા ઝઘડાથી નારાજ હતાં, જે બાદ બિઝનેસમાં ભાગલા પડ્યા હતા.આ વિભાજન જૂન ૨૦૦૫માં થયું હતું, પરંતુ કયો ભાઈ કઈ કંપનીને મળશે તેનો નિર્ણય ૨૦૦૬માં લીધો હતો. ICICI બેંકના તત્કાલીન ચેરમેન વી.કે. કામતને પણ આ વિભાજનમાં હસ્તક્ષેપ કરવો પડ્યો હતો.વિભાજન પછી, મુકેશ અંબાણીને પેટ્રોકેમિકલ્સ બિઝનેસનો હિસ્સો મળ્યો, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ઈન્ડિયન પેટ્રોલ કેમિકલ્સ કોર્પ લિમિટેડ, રિલાયન્સ પેટ્રોલિયમ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ જેવી કંપનીઓ નાનો ભાઈ અનિલ આરકોમ, રિલાયન્સ કેપિટલ, રિલાયન્સ એનર્જી, રિલાયન્સ નેચરલ રિસોર્સ જેવી કંપનીઓની માલિકી ધરાવે છે. આ પછી, મુકેશના નેતૃત્વમાં કંપનીઓ સતત વધી રહી છે, જ્યારે અનિલની માલિકીની કંપનીઓની હાલત ખરાબ થતી રહી હતી. ચાલુ વર્ષની તા.૧૦ એપ્રિલના રોજ, સુપ્રીમ કોર્ટે અનિલ અંબાણીની કંપની દિલ્હી એરપોર્ટ મેટ્રો એક્સપ્રેસની દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશન પાસેથી લગભગ ૮,૦૦૦ કરોડ રૂપિયાની ચુકવણીની માંગણીને ફગાવી દીધી હતી. દિલ્હી એરપોર્ટ મેટ્રો એક્સપ્રેસ અનિલ અંબાણીની કંપની રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પેટા કંપની છે. સેબીના ચુકાદા પછી મુશ્કેલીમાંથી બહાર આવવા મથતા અનિલ અંબાણી ફરી એક વાર મોટી મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે.

આ કૌભાંડમાં RHFL કંપનીએ બેંકો પાસેથી નાણાં ઉછીના લઈને પોતાનાં સગાંવહાલાંમાં વહેંચ્યાં હતાં. આ નાણાં ડૂબી ગયાં તેમાં બેંકો અને રોકાણકારો ખાડામાં પડી ગયા હતા

વેડ રોડ તિરુપતિ સોસાયટીમાંથી ગાંજાના જથ્થા સાથે ઓરિસ્સાવાસી ઝડપાયો

સુરતઃ વેડરોડ વાળીનાથ ચોક પાસે તિરુપતિ સોસાયટીમાંથી ચોકબજાર પોલીસે બાતમીના આધારે ગાંજાના જથ્થા સાથે એક આરોપીને પકડી પાડયો હતો. જ્યારે એકને વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસે મકાનામાંથી રૂ. ૨,૦૬,૪૫૦ની મતાનો ૨૦ કિલો ૦.૯૫ ગ્રામ ગાંજો કબજે કર્યો છે.

સુરત પોલીસ દ્વારા શહેરમાં થતી માદક કેફી દ્રવ્યોની હેરાફેરી તથા પેડલરો પકડી પાડવા અંગે સુચના આપવામા આવી છે. તે અંતગર્ત ચોકબજાર પોલીસ પોતાની હદ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા. તે દરમ્યાન હેડ કોન્સ્ટેબલ હિરેનભાઈ ભરતભાઈ તથા પોલીસ કોન્સ્ટેબલ પરબતસિંહ જયુભાને બાતમી મળી હતી કે વેડરોડ વાળીનાથ ચોક પાસે તિરુપતિ સોસાયટી પ્લોટ નં પર ના પહેલા માળેના બીજા રૂમમા નશાકારક વનસ્પતિ પદાર્થ સંતાડીને રાખ્યો હતો. જેથી પોલીસે હકિકતના આધારે એફ.એસ.એલની હાજરીમાં રેડ કરી હતી. ત્યારે રોહિત ઉત્તમ પ્રધાન (રહે., પ્લોટ નં.પર, બીજો માળ તિરુપતિ સોસાયટી, વાળીનાથ ચોક પાસે, વેડ રોડ સુરત, મુળ રહે., ગંજામ-ઓરીસ્સા) ને પકડી પાડયો હતો. પોલીસે મકાનની તપાસ કરતાં રૂમમાથી ૨૦ કિલો ૦.૯૫ ગ્રામ ગાંજો રૂ. ૨,૦૬,૪૫૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. બીજી તરફ પોલીસે ટીલ્લુ (રહે., મીનાનગર સોસાયટી, વેડરોડ) નામના વ્યક્તિને વોન્ટેડ જાહેર કર્યો હતો.

જબરજસ્ત એક્શન થ્રીલર (હિન્દી)

GOAT
સાઉથનો હીરો : થલપતિ વિજય
૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
હોરર થ્રીલર કોમેડી

સ્ત્રી-૨ * શ્રદ્ધા કપુર * રાજકુમાર રાવ
૧૨.૩૦, ૩.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

4 વર્ષની દીકરી આરુષિ અને પરિણીતાએ પોતે પણ એસિડ ગટગટાવી કરેલા આપઘાત પ્રકરણમાં

કાપોદ્રામાં પતિ સહિત ચાર સામે આત્મહત્યાની દુષ્પ્રેરણાની ફરિયાદ

પોલીસે આરોપી પતિ અને સસરાની ધરપકડ કરી

સુરતઃ કાપોદ્રા મરઘાં કેન્દ્ર પાસે રહેતી પરિણીતાએ પોતાની 4 વર્ષની દીકરી આરુષિને એસિડ પીવડાવ્યા બાદ પોતે પણ ગટગટાવી કરેલા આપઘાત પ્રકરણમાં પોલીસે મૃતક મહિલાના પતિ, સસરા, જેઠ અને જેઠાણી સામે આત્મહત્યા કરવા માટે મજબૂર કરવાનો દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે, જેમાં પોલીસે આરોપી પતિ અને સસરાની ધરપકડ કરી અન્યોની શોધખોળ હાથ ધરી છે.

કાપોદ્રા પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ ગત તા.૧૦ સપ્ટેમ્બરના રોજ સાંજે સાડા પાંચેક વાગ્યે કાપોદ્રા મરઘાં કેન્દ્ર પાસે શ્રીજીકૃપા સોસાયટીમાં રહેતી જ્યોતિ ઘનશ્યામ વિઠ્ઠલ ઝાખરડેએ પોતે અને તેની દીકરી આરુષિને એસિડ પીવડાવી દેતાં સારવાર માટે મનપા સંચાલિત સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન જ્યોતિનું મોત નીપજ્યું હતું. તો દીકરી આરુષિની તબિયત સારી હતી. ઘટનાની જાણ થતાં મહારાષ્ટ્રના બુલડાણાના ખાતગાવના ઉમરા અટાળી ગામ ખાતે રહેતા તેમની માતા અરુણાબેન બાબુસિંગ સોળકે પરિવાર સાથે સુરત દોડી આવ્યાં હતાં. તેઓ જ્યોતિની લાશનું પીએમ કરાવ્યા બાદ લાશને અંતિમ વિધિ માટે વતન લઈ ગયાં હતાં. આ બનાવ અંગે અરુણાબેન સોળકેએ ગતરોજ તેની દીકરી જ્યોતિના પતિ ઘનશ્યામ વિઠ્ઠલ ઝાખરડે, સસરા વિઠ્ઠલ, જેઠ સંતોષ અને જેઠાણી વંદના સંતોષ સામે ફરિયાદ નોધાવી હતી. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, તેની દીકરી જ્યોતિનાં લગ્ન ઘનશ્યામ સાથે સન ૨૦૧૯માં થયાં હતાં. દામ્પત્ય જીવન દરમિયાન બે સંતાન હતાં, જેમાં એક દીકરી આરુષિ અને દીકરો રૂદ્રાશ હતો. લગ્નના ત્રણ મહિના સુધી દીકરી જ્યોતિને સારી રીતે રાખ્યા બાદ તેના પતિ, સસરા અને જેઠ-જેઠાણી અવારનવાર નાની-નાની વાતોમાં ઝઘડો કરી મારઝૂડ કરી શારીરિક-માનસિક ત્રાસ આપતાં હતાં. બનાવના દિવસે પણ જ્યોતિએ ફોન કરી પતિ વિઠ્ઠલ મારઝૂડ કરતો હોવાનું કહ્યું હતું. પોલીસે અરુણાબેનની ફરિયાદ લઈ મૃતક જ્યોતિના પતિ, સસરા અને જેઠ-જેઠાણી સામે આત્મહત્યા કરવા માટે મજબૂર કરવાના દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કરી પતિ ઘનશ્યામ વિઠ્ઠલ ઝાખરડે અને સસરા વિઠ્ઠલની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

બે ઠગબાજ વેપારીએ સચિનના કાપડ ઉત્પાદકનું 11.27 લાખનું ફૂલેકું ફેરવ્યું

વિશ્વાસ કેળવી સાડીઓ ખરીદી, પરંતુ પેમેન્ટને બદલે માત્ર વાયદાઓ કર્યે રાખ્યા, દલાલ સહિત ત્રણ સામે પોલીસે ગુનો નોંધ્યો

સુરતઃ ભટાર રોડ જીવકોર નગર પાસે રહેતા વેપારી પાસેથી રિંગ રોડ ઓમશંકર ટેક્ષટાઈલ માર્કેટ અને ગોલવાલા ટેક્ષટાઈલ માર્કેટના વેપારીએ દલાલ સાથે મળી કુલ રૂપિયા ૧૧.૨૭ લાખનો જેકાર્ડ સાડીનો માલ ખરીદ્યો હતો. વેપારીએ માલના પેમેન્ટની ઉઘરાણી કરવા છતાંયે પેમેન્ટ નહીં આપી હાથ ખંખેરી લેતા સલાબતપુરા પોલીસ મથકમાં દલાલ સહિત ત્રણ વેપારી સામે છેતરપિંડી ગુનો નોંધવામાં આવ્યો છે.

સલાબતપુરા પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ ભટારરોડ જીવકોર નગર પાસે આશીર્વાદ પેલેસમાં રહેતા અનુપ રાધેશ્યામ જાજુ, ઈગલ સિંથેટીક્સ પ્રાઈવેટ લિમિટેડ નામથી ગ્રે કાપડ, જેકાર્ડ કાપડ મેન્યુફેક્ચરીંગ કરી વેચાણ કરે છે. તેમની ફેકટરી સચિન જીઆઈજીસીમાં, જ્યારે ઓફિસ ઉધના મગદલ્લા રોડ સોસિયો સર્કલ પાસે ઓરલીંસમાં છે. અનુપ જાજુ પાસેથી કાપડ દલાલ નરેશ મહેતાના મેળાપીપણામાં રિંગ રોડ ઓનશંકર ટેક્ષટાઈલ માર્કેટમાં મનમંદિર સારીના પ્રોપરાઈટર યોગેશકુમાર ફતેલાલ શર્મા અને ગોલવાલા માર્કેટમાં તન્વી ક્રિએશનના માલીક કિરણ ખેમચંદજી જૈનએ સમયસર પેમેન્ટ આપી દેવાનો વિશ્વાસ અને ભરોસો આપી ગત ૧૧ જાન્યુઆરી ૨૦૨૩ થી ૨૮ જુલાઈ ૨૦૨૩ સુધીમાં કુલ રૂપિયા ૧૧,૨૭,૫૮૭નો જેકાર્ડ ડાયબલ સાડીનો માલ ખરીદ્યો હતો. જેમાં યોગેશકુમારે ૩,૯૧,૭૯૭ અને કિરણ જૈનએ ૭,૩૫,૭૯૦નો માલ ખરીદ્યો હતો.

ફુલ એક્શન થ્રીલર (હિન્દી)

Valentine Multiplex DOLBY ATMOS
સ્ત્રી-૨ * રાજકુમાર રાવ * શ્રદ્ધા કપુર
૯.૫૦, ૧૨.૩૦, ૩.૫૫, ૭.૩૦, રાત્રે ૧૦.૧૫
ઉડન છૂ ગુજરાતી ચિત્ર ૫.૦૦
GOAT સાઉથનો હીરો : થલપતિ વિજય
૯.૩૫, ૧૦.૨૦, ૧.૪૦, ૩.૧૫, ૬.૩૫, ૯.૧૫, ૧૦.૦૦
ફક્ત પુરુષો માટે ગુજરાતી ૬.૪૫
ખેલ ખેલ મેં ૧.૦૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

ફુલ એક્શન થ્રીલર (હિન્દી)

CINEZZA Multiplex
ડીમાર્ટની બાજુમાં, જહાંગીરપુરા, સુરત.
સ્ત્રી-૨ * રાજકુમાર રાવ * શ્રદ્ધા કપુર
૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
ઉડન છૂ ૧૦.૦૦, ૩.૩૦, ૬.૧૫, રાત્રે ૧૦.૦૦
ફક્ત પુરુષો માટે
ગુજરાતી ચિત્ર : ૯.૦૦, ૪.૦૦, રાત્રે ૯.૦૦
GOAT સાઉથનો હીરો : થલપતિ વિજય
૯.૦૦. ૧૨.૧૫, ૩.૩૦, રાત્રે ૧૦.૦૦
તમિલ : ૧૨.૦૦, ૬.૪૫
Thanglaan હિન્દી : ૧.૦૦, સાંજે ૭.૦૦
થિયેટર પર અને bookmyshow.com પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
૬ઠ્ઠી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. 8238380822
Book Tickets Now from : bookmyshow.com paytm @applecinemasurat
ફુલ એક્શન થ્રીલર (હિન્દી)

GOAT સાઉથનો હીરો : થલપતિ વિજય
હિન્દી : ૮.૫૦, ૯.૩૦, ૧૨.૧૦, ૧૨.૫૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૨૦, ૯.૫૦
તેલુગુ : સાંજે ૬.૦૦
તમિલ : ૧૨.૦૫, ૬.૫૦
સ્ત્રી-૨ * રાજકુમાર રાવ * શ્રદ્ધા કપુર
૯.૦૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૨.૦૦, ૧.૨૦, ૩.૦૦, ૬.૦૦, ૬.૪૦, ૮.૩૦, રાત્રે ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૫
ઉડન છૂ ગુજરાતી ચિત્ર : ૯.૧૫, ૨.૨૦, ૫.૦૦
ફક્ત પુરુષો માટે ૯.૩૦, ૧.૦૦, ૩.૨૫, ૪.૧૦, ૭.૩૦, રાત્રે ૧૦.૧૦
વેદા સવારે ૧૦.૦૦, ૩.૪૦
ખેલ ખેલ મેં સવારે ૧૧.૪૫, ૩.૩૫
Thanglaan (હિન્દી) ૧૨.૫૦
Alien Romulus ૪.૧૦, ૬.૧૦

CITY PLUS MULTIPLEX ફ્રી પાર્કીંગ
ફુલ એક્શન થ્રીલર (હિન્દી)
GOAT
સાઉથનો હીરો : થલપતિ વિજય
૧૧.૧૫, ૨.૩૦, ૭.૦૦, રાત્રે ૧૦.૨૦
હોરર થ્રીલર કોમેડી
સ્ત્રી-૨ * રાજકુમાર રાવ * શ્રદ્ધા કપુર
૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, રાત્રે ૯.૩૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.
ફોન બુકીંગ માટે : 93288 81222, 93275 42854

ROONGTA Multiplex CINEMAS
શ્યામ મંદિરની સામે, વીઆઈપી રોડ, વેસુ, સુરત.
GOAT સાઉથનો હીરો : થલપતિ વિજય
૯.૪૫, ૧.૧૫, ૪.૪૫, ૮.૧૫, ૧૦.૩૦, ૧૧.૪૫
ઉડન છૂ ગુજરાતી ચિત્ર
૯.૩૦, ૧.૩૦, ૪.૪૫, રાત્રે ૮.૩૦, ૧૧.૦૦
સ્ત્રી-૨ ૧૦.૩૦, ૧૨.૧૫, ૧.૪૫, ૪.૩૦, ૫.૪૫, ૭.૩૦, ૧૦.૩૦
ફક્ત પુરુષો માટે ગુજરાતી ૧૧.૦૦, સાંજે ૭.૩૦
ખેલ ખેલ મેં ૩.૧૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

ફુલ એક્શન થ્રીલર (હિન્દી)

RAJHANS MULTIPLEX
એ.આર.મોલ, મોટા વરાછા, સુરત.
ઉડન છૂ ગુજરાતી : ૧૨.૩૦, ૫.૦૦, ૭.૩૦
સ્ત્રી-૨ * રાજકુમાર રાવ * શ્રદ્ધા કપુર
૧૦.૩૫, ૧૨.૦૦, ૧.૨૫, ૩.૦૦, ૪.૧૫, ૬.૦૦, ૭.૦૦, રાત્રે ૯.૦૦, ૯.૪૫
GOAT સાઉથનો હીરો : થલપતિ વિજય
૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૧૫, ૩.૧૫, ૬.૩૦, ૭.૧૫, ૯.૪૫, ૧૦.૩૦
ફક્ત પુરુષો માટે ૧૦.૦૦, ૨.૩૦, રાત્રે ૧૦.૦૦
Thanglaan હિન્દી ૪.૩૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

WORLD CLASS 6 SCREEN MULTIPLEX IN SURAT
RAJ IMPERIAL DOLBY ATMOS INOX
દીપકમલ મોલ, સરથાણા નેચર પાર્ક પાસે, વરાછા રોડ, સુરત.
For Booking Movie Tickets @ Raj Imperial Inox Call On 02612577777
કાલથી જુઓ
મર્ડર મિસ્ટ્રી સસ્પેન્સ થ્રીલર (હિન્દી)
ધ બકિંઘમ મર્ડર્સ
* કરિના કપુર ખાન * કશ્યપ કપુર * અસીમ અરોરા * રાઘવરાજ

સહપરિવાર જોવા આવો
ઉડન છૂ
* દેવેન ભોજાની * પ્રાચિ શાહ પંડયા * આરોહી પટેલ * આર્જવ ત્રિવેદી
9.10 am, 12.00 pm, 2.50 pm, 6.00 pm, 9.35 pm



ગુજરાતી પારિવારીક ફિલ્મ
ફક્ત પુરુષો માટે
* અમિતાભ બચ્ચન * યશ સોની * દર્શન જરીવાલા * મિત્રા ગઢવી
9.00 am, 11.50 am, 2.40 pm, 6.20 pm, 9.15 pm
કોમેડી હોરર થ્રીલર
સ્ત્રી-૨
* શ્રદ્ધા કપુર * રાજકુમાર રાવ
(ATMOS) 9.00 am, 10.20 am, 12.05 pm, 2.20 pm, 3.10 pm, 5.50 pm, 6.30 pm, 9.00 pm, 9.40 pm
(રેગ્યુલર) 9.45 am, 12.45 pm, 3.55 pm, 10.15 pm
Hindi with Eng. Subtitle : 7.10 pm



એક્શન થ્રીલર
વેદા
* જોન અબ્રાહમ * તમન્ના ભાટીયા * શરવરી * અભિષેક બેનર્જી
Hindi with Eng. Subtitle
9.10 am, 2.55 pm, 9.20 pm
Trailers Screening Schedule
1.35 am, 5.35 pm, 8.50 pm
ખેલ ખેલ મેં
Hindi with Eng. Subtitle
12.10 pm